	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૯/03/૨૦૨૦ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૫૪૫/૨૦૨૦**

અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન :

અપહરણ ગુનાના કામે આરોપી તેમજ ભોગ બનનારને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.જી.જાડેજા ઓઢવ પો.સ્ટેશન નાઓ તાજેતરમાં દાખલ થયેલ અપહરણના ગુના શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વે પો.સ.ઈ આર.એ.ઝાલા તથા એ.એસ.આઇ પરથીભાઇ પુરાભાઇ બ.નં-૩૧૫, લોકરક્ષક કરણ ગીરધરભાઇ બ.નં-૧૨૭૮૧, લોકરક્ષક સહદેવસિંહ દિપસંગભાઇ બ.નં-૧૨૦૬૪, લોકરક્ષક હરપાલસિંહ રઘુવીરસિંહ બ.નં-૧૧૭૦૦ વુ.લોકરક્ષક અર્પિતાબેન દિનેશભાઇ બ.નં.૮૩૦૧ એ રીતેના સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લોકરક્ષક કરણ ગીરધરભાઇ તથા લોકરક્ષક સહદેવસિંહ દિપસંગભાઇ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકિકત આધારે સુરત ભાવનાનગર ખાતેથી ઓઢવ પો.સ્ટેશન ગુ.ર.નં-એ/૧૧૧૯૧૦૩૭૨૦૦૨૫૦ ઇ.પી.કો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) તથા પોક્સો એક્ટ કલમ ૩(એ), ૪,૫(એલ), ૬, ૧૮ મુજબના ગુનાના કામે આરોપી ભરતભાઇ ઉર્ફે ભારત સ/ઓ જાગેશ્વર બદલુ ઉ.વ.૨૦, રહે: ગણેશભાઇ રબારીના મકાનમાં, જોગણી માતાના મંદિર પાસે, રબારી વસાહત, ભવાનીનગર ટેકરો, ઓઢવ, અ'વાદ શહેર મુળવતન: ગામ-લોહર ગઢવા, મજરે કોન્ડાર, પોસ્ટ-મહાખેડા, થાના-લલૌરી, જી-ફતેહપુર, રાજ્ય-ઉત્તરપ્રદેશ તેમજ ભોગબનનારને નાને તા-૧૭/૦૩/૨૦૨૦ ના ક.૧૫/૦૦ વાગે પકડી અપહરણ ગુનો શોધી સારી કામગીરી કરવામાં આવેલ છે.

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કાલુપુર પોલીસ સ્ટેશન :

નરોડા તથા અમરાઇવાડી તથા મેઘાણીનગર પો.સ્ટેના લુટના ગુનાના આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી ગુનાઓ ડીટેક્ટ કરતી કાલુપુર પોલીસ

મે.પો.કમી.સા.શ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર.શ્રી સેકટર-૧ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ નાઓની સુચનાથી અને મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ડી” ડીવીઝન સા.તથા કાલુપુર સિનીયર પોલીસ ઇન્સપેકટર આર.જી.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી અનડીટેક ગુન્હા શોધી કાઢવા સારુ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.બી.સરવૈયા સાહેબ તથા અ.હે.કો.હિતેન્દ્રકુમાર શંકરલાલ બનં-૯૦૮૭ તથા પો.કો.વિપુલભાઇ શંકરભાઇ બનં.૭૬૫૪ તથા પો.કો.રાહુલભાઇ મનોજભાઇ બનં.૧૦૩૦૮ તથા પો.કો.સંજયભાઇ વનાભાઇ બનં.૮૫૮૦ તથા પો.કો.મહેબુબખાન નસીબખાન બનં.૫૪૧૫ તથા અ.લો.ર.ધવલ અંબારામ બનં-૫૩૬૨ વિગેરે સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક.૧૨/૩૦ વાગે કાલુપુર અલંકાર હોટલ સામે આવતા સાથેના પો.કો.વિપુલભાઇ શંકરભાઇ બનં.૭૬૫૪ તથા પો.કો.રાહુલભાઇ મનોજભાઇ બનં.૧૦૩૦૮ તથા અ.લો.ર.ધવલ અંબારામ બનં-૫૩૬૨ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે નરોડા પો.સ્ટે. પાર્ટ એ/૧૧૧૯૧૦૩૫૨૦૦૩૧૨/૨૦ ઇપીકો કલમ-૩૯૨,૩૯૭,૧૧૪,તથા જીપીએકટ કલમ-૧૩૫(૧) મુજબ તથા અમરાઇવાડી પો.સ્ટે. પાર્ટ એ/-૧૧૧૯૧૦૦૪૨૦૦૧૬૭/૨૦ ઇપીકો કલમ-૩૯૪,૧૧૪,તથા જીપીએક્ટ કલમ-૧૩૫(૧) મુજબ તથા મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૩૨૦૦૦૨૮૩/૨૦ ઇપીકો કલમ-૩૮૪,૩૨૪, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪, તથા જીપીએક્ટ કલમ-૧૩૫(૧) મુજબના ગુનાના કામે આરોપી (૧) પ્રકાશ ઉર્ફે ગટ્ટી સ/ઓ મણીલાલ જાતે.ઠાકોર ઉવ.૧૯ રહે.કમલેશભાઇ રબારીના મકાનમાં વિહતનગર બજરંગ આશ્રમ ચોકડી વિક્રમપાર્કની પાછળ હિરાવાડી રોડ કૃષ્ણનગર અમદાવાદ શહેર તથા કાયદાના સંઘર્ષમા આવેલ બાળકિશોર નાઓને ઉપરોક્ત ત્રણેય ગુનાના કામે લુટમા ગયેલ મુદ્દામાલ જેમા અમરાઇવાડી પો.સ્ટે આધારકાર્ડ,પાનકાર્ડ,ચુટણીકાર્ડ તેમજ બે ATM કાર્ડ છે જેની કિંમત રૂપીયા-૦૦/- ની ગણી શકાય તે તેમજ ઉપરોક્ત ત્રણેય લુટના ગુનામા વપરાયએલ ઓટોરિક્ષા નંબર GJ-01-TA-0151 કિંમત રૂપીયા-૫૦,૦૦૦/- જેટલી ગણી શકાય તે મત્તાના લુટના મુદ્દામાલ સાથે મળી આવતા આજરોજ તા.૧૮/૦૩/૨૦૨૦ ના કલાક ૧૪/૧૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરી તેમજ કાયદાના સંઘષમાં આવેલ બાળકિશોરને જુવેનાઇલ જસ્ટીસ એક્ટ મુજબ જરૂરી કાર્યવાહી કરી તેમના વાલીને કબ્જો સોપી આરોપી નં-(૧) ને વધુ તપાસ અર્થે આરોપી તથા કાગળો તથા મુદામાલ નરોડા તથા અમરાઇવાડી તથા મેઘાણીનગર પો.સ્ટે ખાતે સોપવા તજવીજ કરવામા આવેલ છે.

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

C.C.TV ફુટેજ આધારે ચોરી થયેલ રીક્ષા તેમજ રીક્ષા ચોર ઇસમને ચોરીની રિક્ષા સાથે ગણતરીના સમયમા પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન નાઓની સુચના તેમજ પોલીસ ઈન્સપેકટર ડી.જે.ચુડાસમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ. તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તાર મેઘાણીનગર ખાતે દાખલ થયેલ મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ સ્ટેશન પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના **મ.સ.ઇ દિલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં-૭૬૨૦** તથા **એલ.આર કિરણસિહ ગોપાલસિહ બ.નં-૧૨૪૩** નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે રિક્ષા ચોરીના આરોપીને પંજાબ સોસાયટી પાસે પકડી પાડી ચોરીમા ગયેલ રિક્ષા સાથે પકડી સારી અને પ્રશંષનીય કામગીરી કરેલ છે.

આરોપીનું નામ સરનામુ

રાજેશભાઇ ઉર્ફે રામુ વિરચંદભાઇ જાતે-પટણી (ખાડાવાળા) ઉ.વ.-૪૦ ધંધો- રી.ડ્રા. રહે-બ્લોક નં-૯/ ૯૨૧૭ પતરાવાળી ચાલી ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર

આરોપીએ રિક્ષા ચોરીના ગુન્હાની વિગત

મેઘાણીનગર પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11191033200291/2020 I.P.C કલમ -379 મુજબ તથા

આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલ

૧. ચોરાયેલ ઓટો રીક્ષા જેનો R.T.O NO-GJ-01-BZ-5353

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧)પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ (૨) મ.સ.ઈ આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧ (૩) હે.કો સિરાજઅહેમદ લીયકતઅલી બ.નં-૮૩૩૮ (૪) હે.કો અશ્વિનભાઈ મણીલાલ બ.નં.૮૭૨૦ (૫) હે.કો ચેતનકુમાર રામુભાઇ બ.નં-૩૨૧૬ (૬) પો.કો ચેતનસિહ રાજેન્દ્રસિહ બ.નં-૮૪૬૭ (૭) એલ.આર. સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦ (૮) એલ.આર અરુણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭ (૯) એલ.આર.કિરણસિહ ગોપાલસિહબ.નં૧૨૪૩

જી.આઈ.ડીસી વટવા પોલીસ સ્ટેશન :

મિલકત સબંધી ગુના આચરતા ગુનેગારને પકડી બાઇક ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી જી.આઇ.ડી.સી. વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં વધતા મો.સા. ચોરીના ગુના અટકાવવા તેમજ ભેદ ઉકેલવા સારુ મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી બીપીન આહીરે સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જે' ડીવીઝન રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. શ્રી એમ.સી.જાડેજા નાઓની આગેવાનીમાં ટીમ બનાવવામાં આવેલ જે અનુસંધાને મ.સ.ઇ. મહેન્દ્રસિંહ લક્ષ્મનસિંહ તથા સાથેના અ.હે.કો. મગનભાઇ નરશીભાઇ બ.ન.૩૫૬૯ તથા પો.કો.ભરતસિંહ ભુપતસિંહ બ.નં-૧૦૧૪૩ તથા પો.કો.વિક્રમસિંહ રણજીતસિંહ બ.નં.૩૩૯૫ તથા પો.કો. મહાવીરસિંહ હરીસંગ બ.નં-૬૯૬૫ તથા પો.કો બળદેવસિંહ ઘનશ્યામસિંહ બ.નં-૧૧૮૧૩ તથા પો.કો જયંતિભાઈ નાગરભાઈ બ.નં-૬૧૬૯ તથા પો.કો. વિજયસિંહ ભુપતસિંહ બ.નં-૪૮૫ તથા પો.કો ફીરોજશા મરદાનશા બ.નં.૯૦૦૧ તથા તથા લોકરક્ષક દિપકકુમાર ઇશ્વરભાઇ બ.નં૧૦૧૧ તથા લોકરક્ષક રવીકુમાર શાહુભાઇ બ.ન.૪૨૬૫ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.ભરતસિંહ ભુપતસિંહ બ.નં-૧૦૧૪૩ તથા પો.કો.વિક્રમસિંહ રણજીતસિંહ બ.નં.૩૩૯૫ નાઓને સંયુક્ત રાહે મળેલ બાતમી હકીકત આધારે કારંજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં-૯૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ ના ગુનામાં ચોરીએ ગયેલ મો.સા નંGJ-01-FW-8908 એંજીન નં-HA10ERFHM48315 તથા ચેચીસ નં-MBLHA10CGFHM92463 ની કિ.રૂ.૧૮,૦૦૦/- સાથે આરોપી નિમેશભાઇ રજનીકાંત પરમાર ઉ.વ.૧૯ રહે.મ.ન.૧૭૩૮ વિનોબાભાવેનગર, જી.આઇ.ડી.સી. વટવા અમદાવાદ શહેર* ને જી.આઇ.ડી.સી. વટવા વિનોબાભાવેનગર બસસ્ટેન્ડ પાસે થી સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરી તા-૧૮/૦૩/૨૦૨૦ ના કલાક ૧૬/૫૦ પકડી સારી કામગીરી કરવામાં આવેલ છે.

SHE TEAM ની કામગીરીની વિગત

આજરોજ શાહીબાગ પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા સખી વન સ્ટોપ ની અંદર 181 નંબર તેમજ 100 નંબર મહિલા જાગૃતિ માટે અવરનેસ રાખવા સારૂ સુચનો આપવામા આવ્યા તેમજ એનજીઓ અને સખી વન સ્ટોપ ના કાર્યકર્તાઓ સાથે મળીને સી ટીમની કાર્યપદ્ધતિ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું	
આજરોજ નરોડા પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા સીનીયર સીટીઝન ની મુલાકાત લેવામા આવી તેમજ મહિલા સુરક્ષા અભિયાન અંગેની માહિતી આપવામાં આવી.	

પાસા અટકાયતની વિગત

શાહીબાગ પોલીસ સ્ટેશન :

પ્રોહીબીશનના ગુનાના કામે પાસા અટકાયતી

આજરોજ તા.૧૮/03/૨૦૨૦ ના રોજ પ્રોહી સંબંધી ગુનાના આરોપીબેન મધુબેન વા/ઓ દિનેશભાઈ પ્રહલાદભાઈ જાતે:ઠાકોર ઉ.વ.૪૫ ધંધો:ઘરકામ રહે:અસારવા ચકલા પાસે ઠાકોરવાસ અસારવા શાહીબાગ અમદાવાદ શહેર નાની વિરૂધ્ધ કલાક:૧૮/૩૦ વાગે પાસા વોરંટની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલ છે.

ઓઢવ પોલીસ સ્ટેશન :

પ્રોહીબીશનના ગુનાના કામે પાસા અટકાયતી

ઓઢવ પોલીસ સ્ટેશન અમો પોલીસ ઇન્સ્પેક્ટર આર.જી.જાડેજા તરફથી પ્રોહીબિશન ગુના કરવાની ટેવવાળા ઇસમ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલવામાં આવેલ આવા ગુન્હાઓ કરતા ઇસમ ઉપર અંકુશ રહે તે સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિતેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અજયકુમાર દશરથભાઇ પંચાલ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં- PCB/DTN/PASA/296/20 તા.18/03/2020 અન્વયે વોરંટની બજવણી કરી ભુજ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

→ **પાસા અટકાયતી:**

અજયકુમાર દશરથભાઇ પંચાલ, ઉ.વ.૨૬, રહે: મ.નં-૨૫, શ્રીજીબાગ સોસાયટી, વિરાટનગર, ઓઢવ, અમદાવાદ શહેર

→ **કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:**

પો.સબ.ઇન્સ આર.એ.ઝાલા અ.હે.કોન્સ અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૪૨૯૪ લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨ લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ બ.નં-૧૨૭૯૧ લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ બ.નં-૧૩૩૨

ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૧૮.૦૩.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કત સબંધી, શરીર સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના સરદારનગર તથા નરોડા તથા બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોએ જાહેર રોડ ઉપર તથા પાર્કીંગમા પાર્ક કરેલ મો.સા.ડાયરેકટ કરી ચોરી કરી લઈ જનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે પિયુષ અમરતભાઈ મોહનભાઈ ગર્ગ રહેવાસી- મ.ન.૧૪/૨૦૪ જય અંબે એપાર્ટમેન્ટ આદિશ્વરનગરની પાસે સત્યમ વિધાલયની બાજુમા નરોડા અમદાવાદ શહેર મુળ વતન ગામ- ભેમુસણ તા.પીંડવાડા જિ.સિરોહી રાજસ્થાન વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

	પિયુષ અમરતભાઈ મોહનભાઈ ગર્ગ રહેવાસી- મ.ન.૧૪/૨૦૪ જય અંબે એપાર્ટમેન્ટ આદિશ્વરનગરની પાસે સત્યમ વિધાલયની બાજુમા નરોડા અમદાવાદ શહેર મુળ વતન ગામ- ભેમુસણ તા.પીંડવાડા જિ.સિરોહી રાજસ્થાન

- અમદાવાદ શહેરના બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી છરી વડે ડાબા હાથના બાવળાના ભાગે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપનાર માથાભારે અને ઝનુની સ્વભાવના ઈસમ નામે મોહમંદ મારુફ રીયાઝ અહેમદ સૈયદ રહે.બ્લોક ન.૭૬૧/૫૪૫૭ ગુજરાત હાઉસિગ બોર્ડ બાપુનગર ચાર રસ્તા એસપી ઓફિસ સામે રખીયાલ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ

	મોહમંદ મારુફ રીયાઝ અહેમદ સૈયદ રહે.બ્લોક ન.૭૬૧/૫૪૫૭ ગુજરાત હાઉસિગ બોર્ડ બાપુનગર ચાર રસ્તા એસપી ઓફિસ સામે રખીયાલ

- અમદાવાદ શહેરના ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદી સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી ફરીયાદીને બેઝબોલના ડંડાના ફટકાઓ શરીરે મારી ઈજા કરી જાનથી મારી નાખવાની આપનાર માથાભારે અને ઝનુની સ્વભાવના ઈસમ નામે સોહેલ ઉર્ફે સોહીલઅહેમદ ઉર્ફે બાબુ ઉર્ફે ભાંજા કફીલઅહેમદ જમાલુદીન શેખ રહેવાસી- મ.ન.૧૨૧૮ સમશેરબાગ મ્યુની.કોઠા સામે ગોમતીપુર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

	સોહેલ ઉર્ફે સોહીલ અહેમદ ઉર્ફે બાબુ ઉર્ફે ભાંજા કફીલઅહેમદ જમાલુદીન શેખ રહેવાસી- મ.ન.૧૨૧૮ સમશેરબાગ મ્યુની.કોઠા સામે ગોમતીપુર

- ડી.સી.બી. પોલીસ સ્ટેશન વિસ્તારમા ભારતીય બનાવટનો વિદેશી દારુ જાહેર જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા પોતાના સાગરિત મારફતે ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે મંગાવી પોતાના સાગરિતો સાથે મળી પોતાના રહેણાંક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારુનુ એકબીજાના મેળાપીપણામા વેચાણ કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે લોકેશ ઉર્ફે લકી ઓમપ્રકાશ મિશ્રા રહેવાસી- એ/૧૮ તેજેન્દ્ર પ્રકાશ સોસાયટી ખોડીયારનગર રોડ નિકોલ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે

	લોકેશ ઉર્ફે લકી ઓમપ્રકાશ મિશ્રા રહેવાસી- એ/૧૮ તેજેન્દ્ર પ્રકાશ સોસાયટી ખોડીયારનગર રોડ નિકોલ અમદાવાદ

- આ ઉપરાંત પ્રોહીબીશન તેમજ શરીર સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૪ ઇસમો મળી **કુલ્લે ૮ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને ભુજ,વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.